શ્રી ગણેશાયનમઃ

કનકં કેશરી.

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર :—

શ્રી વિજય નૌતમ નાટક સમાજના માલીક.
વિઠ્ઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા.
હાલ મુકામ-સ્ટેશનરોડ પ્રીન્સેસ થીએટર-સુરત.

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એ. પ્રી. પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું છે. ખપાટીયા ચકલા-સુરત.

આવૃત્તિ ૭ મી] [પ્રત ૨૦૦૦
સંવત ૧૯૭૨] [સને ૧૯૧૬

કિંમત ૦-૩-૦

નામદાર મુંબાઈ સરકારની

[illegible] વિદ્વાન સરકારી ડાકટરે અમા
રી બનાવેલી બાદશાહી યાકુતી અનંગ વિલાસની
ગોળીઓ એનાલાઈજ કરીને તેમાં કોઈપણ જાતની નુક-
શાનકારક ચીજ નથી એવું સરટીફીકેટ આપેલ છે. અને
એ ઉમદા દરજાવાડી દવા અકસીર હોવાથીજ વિલાયતનાં
પાસ થયેલા મોટા ડાકટરો રાજા મહારાજાઓ, નવાબો તથા
દેશી અને અંગ્રેજ ગૃહસ્થો મોટા સરકારી અમલદારોમાં
પણ બહુ વખણાય છે. **બાદશાહી યાકુતી**

અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય-વીકારના તમામ વ્યાધી મટાડે છે. અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલા-મણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજીની જરૂર નથી, ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ ૧૦

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓથી આ લેપ બનાવેલ છે. અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે આંકેસ એકની ડબીના રૂપીઆ આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાળીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીઆવાડ.

श्री हरि ॐ परमब्रह्म परमात्मने नमः

કનક-કેશરી નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

પ્રારંભ પ્રાર્થના.

પ્ર. ૧ લો રાજ દરબાર — [illegible] શુભ પ્રસંગ પર આશા
વિશાળ રાજ્યના રાજા [illegible] સંબંધી રાજા કનકસિંહ તથા
કુમાર [illegible] પ્રભુ પ્રાર્થના [illegible] કનકસિંહના રાજ્યા
રોહણનો આનંદ, [illegible] પુત્ર
સુખશાંતિની [illegible] રાજ્યારૂઢ રાજાનાં પ્રતિજ્ઞા
વચન, રાજ્યના [illegible] મુખ્ય મંત્રી કેસરિ
સિંહ, અને મુખ્ય સરદાર [illegible] વચ્ચે "દરબાર
[illegible]" સંબંધી વિવેચન, નર્તકીઓના નૃત્યગાન
રાજા પ્રધાન વચ્ચે ઉપજેલું વેરનું ઝનુન.

પ્રવેશ ૨ જો અંતઃપુર — [illegible] પટરાણી પર રાણી ભાનુમતી
ના વિરહોદ્ગાર, પ્રિયતમ પ્રિયતમા વચ્ચેના પ્રબળ પ્રેમોદ્ગાર

પ્રવેશ ૩ જો ચપલાનું મકાન — [illegible] કંગાળ
અને સરખી વયની સૌભાગ્યવતી સુંદરી યુવતીઓનાં સુખ
ભોગ ભાગી [illegible] ચપલાના અંતઃકરણના [illegible]
[illegible] ઉદ્ગાર [illegible] "પોથીમાંના રીંગણાં"
જેવાં પંડિત બનેલા નકલી સુધારાના સાથી અને ચેષ્ટા
પર આધાર થયેલા સીદ્ધરજીનું આવવું. પોતાની પંડિતાઇ

અને પ્રપંચાચારનું પોટળા ભર્યું આડું ગગડાવવું, અને યોગ્ય-વયે આવેલા કુંતલાના વરની શોધ કરવાનો નિશ્ચય કરીને જવું.—

પ્રવેશ ૪ થો. કેશરી ભુવન—નાયકાઓના નાચરંગ સાથે શરાબપાનમાં ગુલતાન બનેલા, અને કૌટિલ્યતાના ભોગ થએલા કેશરીસંહના પોતાના મોટાભાઇ કનકસીંહપ્રત્યેના કુટિલ ઉદ્ગાર, મહારાજા કનકસીંહનો પત્ર લઇ કુસુમપૂરથી વૃન્દા દાસીનું આગમન, પત્રપાઠ કરતાંજ કેશરી ક્રોધાયમાન વૃંદા પર અત્યાચાર, રણ આગારથાને હાથે વૃંદાનો બચાવ સાથે ઉપગારથીના સ્વસ્વામી પ્રત્યે કુટુંબકલહ નહી આદરવાના આશ્ચર્યોદય ઉદ્ગાર કેશરીએ તેનો કરેલો તિરસ્કાર અને અવશ્ય યુદ્ધ આરંભવાનો નિર્ધાર,

પ્રવેશ ૫ મો. કૌટિલ્ય ભુવન—મહારાજા કનકસીંહે કરેલા અપમાનનો ભયંકર પ્રતિશોધ લેવા સંબંધી કૌટિલ્યસીંહના કૌટિલ્ય ઉદ્ગાર, કલાવતીનો સહેલીઓ સંગે વાણી વિનોદ, સમવયસ્કી સખીઓની ટંડી ઠઠોલી, કુમાર કુસુમસીંહ અને કલાવતીનું પ્રણય મિલન—તથા ઉભયે એકી સાથે નિરાધારેલું સમર ભુમિનું ગમન.

પ્રવેશ ૬ ઠો. ચપળાગૃહ—કુંતલા—કિશોરનો મામિંક પ્રણય વિનોદ અને અરસપરસ એક બીજા સાથે પરણવાની લીધેલી પ્રતિજ્ઞા, સિંહલજીનું આગમન કાપટ્યમુર્તિ કુંતલાનું વિલક્ષણ વર્તન અને કુંતલાને નિહાળી સિંહલજીના અંતઃકરણનું થએલું પરિવર્તન ચપળા સાથે કુંતલાના વર સંબંધી વિવેચન, સીંહલજીની મુર્ખાઇ પર ચપળાને થએલો ક્રોધ [illegible] ઉપજેલો વિરોધ—

પ્રવેશ ૭ મો સમરભુમિ—કનકસીંહની યુદ્ધ શિબિર-રણભુમીમાં અગાઉથી આવી પહોંચેલાં કેશરી અને કનકનો સમરસ્થલમાં મેળો,—બાપ ભાઈ વચ્ચે બીજું યુદ્ધ આરંભી નાહક નિર્દોષ યોદ્ધાઓના રૂધિરો નહી રેડાવવા સંબંધી " રાજા કનકસીં-હના કેશરીસીંહ પ્રત્યે—

"ધીક્કાર લાખોવાર એ અન્યાયના સંગ્રામ છે,
લક્ષણ નહિ એ ક્ષત્રિના પણ નીચ નરના કામ છે.
ક્ષત્રિ કુલ ગૌરવ ત્યજી નર અસત પંથે ચાલવું,
કરી કીર્તિ અથવા વીરતા કાં રંગમાં અંતે જવું."

વગેરે વગેરે બોધ વચન, કેશરીએ તેનો અસ્વીકાર કરવાથી જાગેલો બીજું સમરાનલ, બે ફા કોટિલ્યસિંહે શિબિરમાં લગાડેલો દાવાનલ, કટોકટીના કરી સમયમાં રાણી ભાનુમતિ તથા બાળક કુમારને લઇ રક્ષણાર્થે કલ્યાણસીંહનું પ્રયાણ અધર્મ યુદ્ધે કેશરીનો વિજય— ટેબ્લો.

અંક પહેલો સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો અરણ્ય—અધર્મ યુદ્ધથી જય પામેલા કેશરીસિંહનું સ્વસૈન્યસહ નાઠવું અને કનકસિંહને જીવતો યા મુએલો પણ પોતાની સમક્ષ રજુ કરવા કોટિલ્યસિંહને રવાના કરી પોતે કુસુમપુરમાં રાજસત્તા સ્થપનાર્થે જવું.

પ્રવેશ ૨ જો—સળગેલી શિબિરમાંથી ભાનુમતી વગેરેને સહીસલામત લઇ ગુપ્ત સ્થાનમાં કલ્યાણસિંહનું આગમન, રાણીનું આક્રંદ, કુમાર કુસુમને શોધવા બ્હાર ગએલા રાજા કનક—

સિંહનું પણ આગમન, કુમારને શોધી નિર્ભય સ્થાને [illegible] માટે વીર કલ્યાણસિંહનું પ્રયાણ, અને વિધવા યુવતિને ભાન આપનાર મહારાજ કનકસિંહનું વાઘને અથડામણ અને ગુફા પ્રતિ ગમન. બાદ તેના શોધ કરતાં કેસરીસિંહનું આગમન, તે દરમ્યાન કુમારને મુલાકાત કરી વીર કલ્યાણસિંહનું પણ અત્રે આગમન સૈન્ય સાથે કેસરીને આવેલો જોઈ કલ્યાણસિંહને ઉપજેલું કૌતુક, કેસરી વચ્ચે વિતંડાવાદ. બહાદુર વીર કલ્યાણના અલૌકિક પરાક્રમ, અને કેસરીની [illegible] પડેલા ભયંકર ખુવારી. [illegible]

પ્રવેશ ૩ જો ચક્રમસિંહનું રહેઠાણ—કુંદનપુરના સરદાર ચંદ્રવાલ ચક્રમસિંહને ત્યાં સિંહજીએ ચપલા પરના પોતાના પ્રેમની કરેલી ફરીયાદ, ચક્રમ અને સિંહજી વચ્ચેનો વિતંડાવાદ, ચપલાના ચપલ ચક્ષુ બાણથી ચક્રમ બેભાન ચક્રમસિંહની બુદ્ધિ બગાડ અને બાજુ મુરત પર મુલતવી રાખેલી સિંહજીના ફરીવાદ.

પ્રવેશ ૪ થો અરણ્ય—બાળક કુમાર ફત્તેસિંહ સાથે અરણ્યમાં ભુલા પડેલા વૃન્દા દાસી આક્રંદ કરે છે. તે દરમ્યાન કેસરીસિંહ સૈન્ય સહિત ત્યાં આવી તેની પાસે બાળકની માગણી કરે છે, અને કનકસિંહનો પક્ષ તજી પોતાના પક્ષમાં આવવા અનેક પ્રકારે સમજાવે છે. વૃન્દા એકની એક ન માનવાથી તેને કેદ કરી લઈ જાય છે.

પ્રવેશ ૫ મો અરણ્ય—વનવીર અરણ્યમાં પદભ્રષ્ટ થએલા, રાજા રાણી, કમના કુમારી કલાણી, રાજ્યાથી કલ્યાણસિંહનું રાણી સાથે કોઈ નિર્ભય સ્થાનમાં પ્રયાણ—કેસરીનું જાસુને આપતા

શોધતી આગમન—અને અંતનું પુનર્મિલન, ઉભય વચ્ચે
ભયંકર સંવાદ—પ્રાઃ લીધેલું ... પ્રાણ—દરમ્યાન રીવાની
સ્થિતિમાં બાનુમતનું આગમન—બાબી રીવર વચ્ચે પુનઃ
ભયંકર સંગ્રામે બીજી બાજુથી કુમાર કુસુમસીંહનું માનાજી
મદદે આગમન—કુસુમહાર કેસરી, અને કે ચિત્રહારા કુસુમ
ધારણ. ટેબલો.

પ્રવેશ ૬ ઠો—કોર્ટે ચડેલા સીંહજીનું ... વખત પાગલે ચપલા
આપી સમાધાન કરવા માટે ચંપલા મદદે આગમન—કુંતલા—
કિશોરના પ્રેમ જીવનનો નાટક પ્રયાગ—અને કિશોરે બાજ
વેલો અંતર ગુલાબવાળાનો ફરાસ, પ્રિયા—પ્રેમનો આંતરિક
ઉપસિંહજીની મુર્છાનો પુનઃ જાગેલા સંબંધ, હરીશી
સીંહ, ચપલા વચ્ચે જામેલો જંગ.

પ્રવેશ ૭ મો—વિશ્રામપુરમાં કલ્યાણસીંહનું મકાન—અપરમા
તાની મદદે જતાં જખમી થયેલા કુમાર કુસુમસીંહને આરામ
માટે કનકરાણીને પોતાના બંગલામાં સોંપી કલ્યાણસીંહનું
પુનઃ પોતાના રાજા રણજીતની સેવા માટે ... પ્રયાણ
કુમારસીંહના ચિંતુમકતીનું ... ભોજાય, કનકથી પ્રેમ
લીના પવિત્ર પ્રેમની પરસ્પર લ્હાણ. ભા. કુ. કેસરીસીંહનું
અચાનક આગમન, કુંવરરાણીના વીરત્વ વચ્ચે બીજા પુત્રી
વચ્ચે ભયંકર યુદ્ધ અને બે પ્રેમી પંખીને ... કેસરી
આવી પહોંચતાં પડેલું બેડી બંધન

અંક બીજો સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો અરણ્ય—વનચેર અરણ્યમાં રાણી ભાનુમતિનો હૃદયભેદક વિલાપ—રાજા કનકસીંહ અને રાણી બંને બેભાન રાજા રાણીની એ ભયંકર પરિસ્થિતી પર વીર કલ્યાણસીંહનો કરૂણાજનક પોકાર—અને,

"દશાના દોર દારૂણ દુર્દશા એ દુઃખનો દરીયો,
અરે મૃત્યુ ભૂમમાં છે કસોટી કાજ એ ભરિયો,
કંઇ આનંદ મંગળને કંઇ વરસાદ અશ્રુનો,
હસે છે કોક વ્યક્તી ત્યાં રડે છે કોઇ વ્યક્તીઓઃ-"

દશાના દારૂણ દોર સંબંધી અસરકારક ઉદ્ગાર-સીપાઈદ્વારા કુસુમ-કળા કેદ થવાના મળેલા સમાચાર, બાદ રાણીને નાબંધ કુસુમ-કળા કેદ થવાના મળેલા સમાચાર, બાદ રાણીને નાબંધ સ્થાનમાં સેવા સુશ્રુષા માટે કલ્યાણ લઇ જાય છે. તે દરમ્યાન બેભાન થએલા રાજા કનકસીંહના હાથમાંથી હથીઆર છીનવી લઇ કોટિલ્યસીંહ તથા કુસીંહ કુટીલતાથી તેને કેદ કરી લઇ જાય છે.

પ્રવેશ ૨ જો કોટવાલ ચકુમરસીંહનું દિવાનખાનું-ઓફીસના કાગળોથી ઢંકાએલા ટ્રંક-ટેબલ પાટલા પર રમખાણ—મદ્યપાનનાં ગુલતાન—નાયકાઓ સાથે નચાવેલા નાચગાન, અપસરાઓ આવી ચઢાવેલાં કપટ ચકુમારસીંહ અપસરાના કરેલા હસ્ત મેળાપનું કેસપાણ—?

પ્રવેશ ૩ જો કેદરી ભુવન—કરેલા કેદી કુર કાર્યોથી કોટિલ્યને થતો અંતરીક પશ્ચાતાપ, કેશરીએ તેને કરેલી કેદ, કુસુમ

કુમારને કેશરીના હુકમથી દેહાંત દંડની સજા. કલાવતી અને મદા ભાગીને દેહાંત દંડની સજા તથા નાના કુમાર કીર્તિ સીંહને પૃથ્વીરાજ પડકારો મારતાં ભાગીરથી રાણીએ કરેલો બચાવ.— દેખાવો.

પ્રવેશ ૪ થો જંગલ—બાદ સીપાઇઓ કુસુમ કુમારને મારવા લાવે છે તે દરમ્યાન સાધુના વીખાસમાં વીર કલ્યાણસીંહ આવી પહોંચી ઉપદેશના પ્રચંડ મારથી તેમની મતી ફેરવી નાખે છે. સેતાનોનું સાધુઓના રૂપમાં પરીવર્તન થાય છે.

હજારોનાં ગળાં રેંસી, પ્રપંચી પેચમાં પેસી,
કતલ નીર્દોષની કરતી, બળી એ નોકરી કરવી—૧
લગી દઇ પ્રાણની પરવા, કદી કષ્ટએ અમે મરવા,
છતાં માલીક એ પરવા, બળી એ નોકરી કરવી—૨
કરી પ્રાણાહુતી રહીએ, કદર જ્યાં થય ના કંઇએ,
નીરંતર રોદણાં રડીએ, બળી એ નોકરી કરવી.—૩
પરાધીન પીંજરે પડીએ, પરીણામે રડી રડીએ,
ખુશી થઇ ફરી વીચરીએ, બળી એ નોકરી કરવી.—૪

વગેરે શબ્દોથી એવી અત્યાચારની નોકરી નહિ કરવા સખ્ત પ્રતીજ્ઞા લે છે. કલ્યાણસીંહ તેઓને તથા કુમારને લઇ કનક સીંહને મુક્ત કરાવવા રવાના થાય છે.

દીવાની બની પુત્રને શોધતી અનુમતીને ભાગીરથી સાથે મેળાપ થાય છે. બાદ કલા તથા ચંદ્રાને લઇ માણસો મારવા આવતા ભાગીરથી સર્વને બચાવી લઇ જાય છે.

પ્રવેશ ૫ મો જેલખાનું—ઉન્મત્ત દીવાના દશામાં જેલખાનામાં કનકસીંહના દશા અને સમયની બલીહારી સંબંધી સજજડ


ઉદ્‌ગાર, કેશરીનો પદ સંચાર,–કનક–કેશરી વચ્ચેનો અંતીમ સંવાદ, કેશરી કનકને પોતાનું મસ્તક નમાવી શરણે થવા ફરજ પાડે છે. ત્યારે કનકસીંહ "એક અવીનાશી સીવાય અન્ય કોઇને પણ કનકસીંહનું મસ્તક નમશેજ નહીં" એવો જવાબ વાળે છે. જેથી ગુસ્સે થઇ કેશરી તેને એકદમ કતલ કરવાનો કુસ્સીંહને હુકમ કરે છે દરમ્યાન કુસુમ–કલ્યાણસીંહ વગેરે આવી પહોંચી કેશરીને કેદ કરે છે. ટેબલો.

પ્રવેશ ૬ ઠ્ઠો ચપલાનું મકાન—કીશોરની રાહ જોતી કુંતલાના વિરહોદ્‌ગાર–કીશોર–કુંતલાનો રમુજી પ્રણય મીલાપ–ગપગેઝેટ વાંચતાં વાંચતાં સીંહલજીનું આગમન તે દ્વારા પિતાના મરણનું કીશોરને પીછાણ–પીતા પાછળ પ્રાણ વીસર્જન કરતો કીશોર અને કીશોર પાછળ પ્રાણાર્પણ કરતી કુંતલાને જોઇ ચપલાને થએલી ગભરામણ–ચબરાક સીંહલજી એક યુકિત અજમાવી કીશોર કુંતલાના પ્રાણ બચાવે છે. અને ઉભયના હસ્તમીલાપ સાથે સીંહલજીનું "ઇતિશ્રીનાટય પુરાણોનું પારાયણ સમાપ્ત થાય છે.

પ્રવેશ ૭ મો રાજદરબાર—કુમાર કુસુમસીંહને રાજ્યાસનપર બેસાડી પ્રજાજનોને રાજા પ્રજાની ફરજ સમજાવી, આ અસાર સંસારથી કંટાળેલો કનકસીંહ સન્યાસ લઇ જવા નીકળે છે કુસુમ કુમાર કેદીઓનો ન્યાય થતા સુધી તેને રોકે છે પોતાની હાજરીમાં કુસુમ કેદીઓનો ન્યાય કરે છે કેટીલ્યસીંહને દેહાંત દંડની સજા ફરમાવવામાં આવતા તેના અંતઃકરણના અપાર પશ્ચાત્તાપના શબ્દો સાથે કળાવતી રજુ થાય છે. અને પ્રાણેશને વીનવી પીતાની સજાની ક્ષમા અ-

પાવે છે. બાદ કેશરીને કારાગ્રહની સજા ફરમાવનાં તે અહંકારી રાજા કટાર ખાઇ આત્મઘાત કરી મરવા તઇયાર થાય છે. દરમ્યાન તેના પીતાનું રૂપ અંતરિક્ષે જણાવતાં તેના પ્રભાવે કેશરીને પોતાના કૃત કાર્યોનું ભાન થવાથી અપાર પશ્ચાત્તાપ સાથે પિતાની અસહમતી ટાળવા માટે કુમાર કીરતિસીંહને પોતાની કુંદનપુરની ગાદી સોંપી મોટા ભાઇ કનકસીંહ સાથે નિમિષારણ્યમાં તપ આરંભવા નિશ્ચય કરે છે. દરમ્યાન ભાગીરથી, ભાનુમતિ તથા કુમાર કીરતીસીંહને અને વૃંદા દાસી સાથે હાજર થાય છે તેમને જોઇ સર્વના અંતરમાં હર્ષ થાય છે બાદ પ્રધાન કૌટિલ્યસીંહ પણ ભવિષ્યનું જીવન પ્રભુ ભકતીમાં ગાળવાની ઇચ્છાથી કુસુમ કુમારના હસ્તમાં કુમારી કળાવતીનો હસ્ત સોંપી વનવાસી સંન્યાસી થવા તૈયાર થાય છે. કલ્યાણસીંહને તેની સેવાની કદર કરી મુખ્ય પ્રધાન પદ તથા વૃંદાના વંશજોને રાજ તિલકની સત્તા સોંપવા સાથે કુસુમ કળાના હસ્ત મેળાપ સાથે અમારા આ નાટય પ્રયોગની સમાપ્તિ થાય છે.

શાન્તિ ! શાન્તિ ? શાન્ત !



કનક-કેશરી નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો

કનકસિંહ... કુસુમપુરના મહારાજા.
કુસુમસિંહ...કનકસિંહની જુની રાણીનો કુમાર; કુસુમપુરનો યુવરાજ
કીર્તિસિંહ...કનકસિંહની નવી રાણીનો કુમાર.
કેશરીસિંહ..કુંદનપુરનો રાજા, કનકસિંહનો સગો ભાઇ
દોલતસિંહ. કુસુમપુરનો મુખ્ય મંત્રી.
દયાળસિંહ .કનકસિંહનો વફાદાર સરદાર
કુરસિંહ......કુંદનપુરનો પ્રધાન.
કિશોર.......કુસુમસિંહનો પ્રધાન
ભકુમસિંહ...કુંદનપુરનો એક ટીમ કોટવાલ.
સીંહલજી.... કુંદનપુરનો નિવાસી, એક પૈસાદાર ખવાસ અવળી કેળવણીથી બનેલો નકલી સુધારાનો સાથી પાછળથી ચપળાનો થએલો પતિ.

સ્ત્રી પાત્રો

ભાનુમતિ...કનકસિંહની નવી રાણી, કુમાર કીર્તિસિંહની સગી માતા
ભાગીરથી.. કેશરીસિંહની રાણી.
કુમુદવતી... દોલતસિંહની કુમારી, અને કુસુમકુમારની અનુરાગિની
ચપળા......એક વિધવા ખવાસણ, પાછળથી બનેલી સિંહલજીની સ્ત્રી.
કુંતલા......ચપળાની વિદુષી કન્યા

તદુપરાંત-સાહેલીઓ કંચનીઓ નાયકાઓ વિગેરે

સ્થળ :—કુસુમપુર, કુંદનપુર, વિરામપુર નૈમિષારણ્ય અને તેની નિકટનો પ્રદેશ

કનક-કેશરી નાટકનાં ગાયનો.

નાન્દી-મંગળાચરણ

આળાઓ— ૧

વંદુ વિમળ વિશ્રામ
જાનકીરામ, બલરામ, રાજીવરામ પરશુરામ
ન્યારી ન્યારી કૃતિ નીરખી શ્યામ......વંદુ૦

નભ, નગ, નદ, નક્ષત્ર નગ
વિશ્વ વારિધિ વિમળધામ
અજર અમર હર જલધર હર હર પ્યારા અભિરામ...વંદુ૦

હંસનીઓ— ૨

નીરે નીધપમ પધગમ પરે ગરે રેગ ધધનીમ
પધગમ પરે ગરે નીસા........
સાનીધનીરે સાનીધનીરે ગપરે ગપ
ધનીધપગરે સાનીસા
તનન તનન દીમ નાદીર દીર દીમ દીમ દીમ નત નત નન નન
દારે દારે દીમધે તનનનધે તન આલા લીલીમ
કીર્તિ કમલ પ્રફુલ રહો યાવતચંદ્ર દીવા કરી.
નેક ટેક નૃપવર સહિત દિન પ્રતિદિન દ્વિગુણી હો
ગેતીર કીટ તકતા કહ્રાં ગેગે દીન નગ ધેલા ગીન તરાનમ.
દીના કીટીત ગેતીર કટતક તકીટધ—(૨)

ભાનુમતિ— ૩

પિયુજી પ્રાણ પ્યારા પધાર્યા પ્રેમાળ
અંતરના ભાવ રસિક રસીયા રસાળ......પિયુજી૦

વસંત વિકાશ્યે વ્હાલા વિરહી વિહરીવા
આવો હૈવાના, હેતે હિંચોળું હું લાલ...પિયુજી૦
કથની વિરહની કહું કંઇ વર્ણવી
પ્રણમુ પાયે પડું પ્રિતમજી લાલ........પિયુજી૦

કનક ભાનુ— ૪

કનક—" શાણી તું મ્હારી છે પ્યારી સુખકારી સન્નારી
ગોરી ગુણુશાણી ગુલજાર
ભાનુ—" છોડોજી હાથ મુજ સાથ તજો એવી વાત
બીજીને બતાવો પ્યાર—"...શાણી૦
કનક—"ના રીસાવો રાણી આવો"
ભાનુ—"દુર જાઓ ના સતાવો."
કનક—" શાણી સુજાણ માનિની માન"
ભાનુ—' જી નં જાવો.........શાણી૦
ભાનુ—" જાશે જીવન મન મુઝાયે
છોડી દો મચકારો ત્યાંયે"
કનક—" જાઓ જીવન મન મુંઝાયે
તો ન પડશો ફરીથી પાયે."
ભાનુ—" ના જાઓ જીઆવો, રીઝાવો મનાવો
આતમહારા દીલદાર"...શાણી૦

ચપલા— ૫

હારે કોને કહેતી વિધવાની આવી વિપતિ
વિધવાની વિપતિ વિધવાને વિપતી......હારે કોને૦
વિધવા વનિતા વિહારી વિનાની
રવમિ વિનાની જાણી જીંદગાની......હારે કોને૦

સંસારના સુખ વૈભવ સંપતિ
વિશ્વવા ભીને મન હોળી સાગતી......હારે કાને૦

અપલા— ૬

" ચિત્ત ચોર છો ચકોર સલુણાજી શામળા
લટકાળજી વાહ લ્હેરી વાલજી
કરી કુંતલાનું કામ વ્હેલા વળજો વિરામ"

સિંહુલજી—" રસીલી રામા ભોળી ભામા કારી કટાક્ષની તે
મારી કટરીયાં, અહા પ્યારી મારી કટરીયા

કંચનીઓ— ૭

શરાએ અરગવાનીસે પયાપય જામ ભર ભરદે
તેરે કુરબાન અયસાકી નશેમેં મસ્ત કર કરદે
પીલાકર મય ભુલા દેગા હમ દીલસે ગમહા આલમ કે
તેરે કદમો પેંસાકીનીંદ કયું કર સરક ધર ધરદે
શરામે નાબકી તારીફ કયા હે હમસે અયસાકીલ
મીટાકર જો ગમીકો શાદ માની દીલમેં ભર ભરદે

કેશરી— ૮

સમશેરો ચમકાવી શત્રુને હંફાવી જીતી સંગ્રામ
ક્ષણ ભરમાં રણ સ્થળમાં અરિદળમાં સર્વેના મુકાવી માન
શત્રુ દળને બ્હીં સદા નમાવો જાલીમ જુલ્મ જમાવો જમાવો
બહાદુરી બળથી બતાવો પુરી કરી ખુવારી
સૃષ્ટિ આ સારી ધ્રુજાવી ભારી જીતો સંગ્રામ

કળાવતી— ૯

મનહર મુદભર મધુરી મીટ માંડી નેત્રો ત્રાસ્યા
પ્રિય પ્રાણ તોય ન આવ્યા

વિરહી વિરહ પણ જુગ સમ જાયે
અંતર પ્રિય વીણ અતિ ગભરાયે
તનમાં મનમાં લાગી લાગ દાહ પ્રજળે કાયા......પિયુ૦
શરદ ચંદ્રિકા સુહાગ શુભ કેવી ખીલી
વળી વનવાટિકામાં સુંદરતા કેવી ખીલી
કળી કુમળી કુસુમની કાન્તિવાળી કેવી ખીલી
મૃદુ યૌવનની બહાર તેની ખીલી-વિરહી વિરહ

કળાને સાહેલીઓ — ૧૦

સા—"વાહ વાહ નાનકડી નાજુક નાર
શરમાતી ના ચાલી આ સાહેલી"
ક—"જાઓ સતાવો નહિં નાહક બનાવો
જાણી જાણી ટળો અહિંથી વ્હેલી"
સા—"આવે રસીક વર જો અલબેલી
મીટ માંડી રહી જવાં મદ ઘેલી"
ક—"પત્થર પ્રતિમા સમી જણાઓ
નાહક શાને મ્હને બનાવો"
સા—"જાણી રંગીલી રસીલી ક્યાલી"
ક—"શાને મને બનાવો સહેલી"......વાહ વાહ૦

કુસુમ— ૧૧

પ્રાણથી પ્યારી, સરલસારી, મૃદુ પુરશી,
ભ્રમરે જડી ગઇ, જડી ગઇ હા—"

કળા—"અશ્રમેલા બાગ આવો, રસીલાજી રીઝાવો
મીઠા અસુમોથી મીલાવો, ઉર્મિ અંતરની છલકાવો
સ્વાતિક જળ વિણ ચાતક જેમ હું તલપું છું
પ્રિય પ્રાણ વિના—"

કુટ—"કુગ્યાન સદા નિજ પ્રાણ હરે,
પ્રણુંય પ્રભુવિની પરેજ મરે"

કુંતલા— ૧૨

જંગ જોબનનો જલીમ જમાવું છું
મન મોહનને માનથી મનવું છું
પ્યારા પંખીજી પ્રેમ પિંજરે પુરી દઉં
મારી નયન બાણ એ અજાણ્યાને વિંધી દઉં
ઝુલું છું ઝુલવું ડોલાવું યૌવનનો બહાર છું—જંગ૦

કુંતલા— ૧૩

મળજો જરૂર માણીશું મોહન મારા
પ્રેમાં પંખીજી પ્રેમ કુંજમાં પ્યારા......મળજો૦
આનંદ આનંદ આજ અતિ મ્હારે
પ્રેમ અમૃત રસ રેલાએ પ્યારા—"

કિશોર—કોમળી બાલને લેતી તું લલનારે
પ્યારી પાંખશું તેં પ્રેમબાણ માર્યાં" મળજો૦

૧૪

ચપલા—ગેટ આઉટ ગમાર, ચાલ લુચ્ચા ચમાર;
વ્યભીચાર કરનારને ધિક્કાર છે,
સીંહલદ—'આપ એમ જેન્ટલમેન વૃથા બોલો છે તેણુ,
લયબલ કેસ કોરટે જનારૂ છે.........ગેટ—
સૂરત સુંદર છે, બડા વીર નર છે,"
ચપલા—"શું શું તુ નર છે? ના ના ખચ્ચર છે.
બુરા કામી કુકર્મી ધિક્કાર છે.
સીં૦—"જાંહા તારા બાપાના સરદાર છે'...ગેટ૦

અમીર ને તેનું સૈન્ય— ૧૫

હાં જંગી ફોજો શત્રુને ચોતરફ ઘેરો
બરછીને ભાલાથી ઘેરો પાળીને સમરાંગણે સર્વને ઝૂઝો
સમશેરો જોરદાર ચમકાવો તેજદાર
દુશ્મનનો હાહાકાર મચાવો ખાટસાર—હાં જંગી૦
દેખાડો જોર શત્રુને ઘોર ઘોર
ભારમાવી શત્રુ દોર જમાવો જંગી જોર—હાં જંગી૦

અંક પહેલો સમાપ્ત

અંક બીજો.

ભાનુમતી ૧૬

ભયંકર અરણ્ય ભાતિ પ્રદ ભાસે
રાજનિવાસી થઈ હું વનવાસી
ભવ શૂન્ય આ હૃદય દુઃખથી તરફડે
નિરાધે દશા કીધા થયા સુખ ન્યારા
વિપત્તિઓ સહુ ક્યારે ટળે ?
જીવન ખારું લાગે પ્રિયતમ વિણ હવે—

ભાનુ— ૧૭

ક્યાંથી પ્રાપ્તિ સુખની થવી ત્યાં પળ પળ દુઃખની ઘડી
વિવાહોત્સવ થતાં ત્યાં તો જણાવે પ્રભુની ઘડી
આવતી આફત વાર મસ્તકપર
નાથ શિર પર આફત ક્યાંથી !
ભીડ ભારી અમારા ઉપર
કંઈક જન પર જહેમત ક્યાંથી !

પ્રભુ અને એ ચંદ્ર સૂરજથી
તારલીઆઓની [illegible] [illegible] !

૧૮

શ્યામ—હું આડી હાડી બાવાની, મુંબજી દીગંબર જાની
પંડીત મીસરજી મુતે ઠગના મહેરબાની...મુંબજી.
ચપળા—તું અડી હઠો સોહેલો બેહુદો મન માન્યો
જહેગ અધર ફેંગેઠો તો નાવળ્યા ડુબ્યાની...મુંબજી.
શ્યામ—ઠગારામીયાજી વાત મુખે આડી ગુંબજીત વ
ચપળા—હાથુંથી વધ અહંકાર મુખે ન કરવું હેરાની...મુંબજી.

વન્દા

૧૯

રહુ રાતદીન શાન વિષ્ણુ દયા ધર કિરતાર કૃપા કર
અહકું જપાનક અવસરે સુંદર દયા ધર—કિરતાર૦
૭ માસનું સંતાન છે આ હાથ નજર ધર—કિરતાર૦
અપું હું જ્હાવરી બની હું કંઈ કે કંઈ હર—કિરતાર.
મેળાર મહારાજને અધવેશ આપાકર—કિરતાર.

બાબુ—

૨૦

મેળાવો ઠેઠ માબાપુરે મારો બાપ,
બાબુડાને નીરખે નયન ક્યાં !
હાય કોને હું સંભાળું રે ચુરા હ લ—મેળાવો.
નિમ્યાન હૈડે ના રહ હૈયું ફાટી જાય,
આવું આ રહેતાં અરે, ત હું ત્રાસી જાય
ક્યાં શોધુ ! ક્યાં પામું ! રે ભાગ્ય આ.લ—મેળાવો.

કુંતલા—

૨૧

ઓ! ક્યાંથી ઢોળી પ્રભુ પ્યારા, નયનના તારા,
વારી જાઉં જીવન મુજ મારા,
વાલા શોભીતા શ્યામ મારા—ઓ૦

કિશોર—"દીપકશી દીપની દારા હું પતંગ પ્રાણી છું.
પ્રિયા તું બાણ ને હું કુરંગ પ્રાણી છું
કુંતલા—નહિજી નાથ તમે નરવર હું નારી છું.
 પ્રભુસમ પ્રભુ તમે પામર હું નારી છું
 વાહજી દીલદાર વાહ વાહ—
કિશોર—મધુરી મુરલી તું હું પન્નગ પ્રાણી છું.
 દેવી તું દેવીદારા હું મનુજ પ્રાણી છું
કુંતલા—પિયુ પોપટ તમે પ્રિય પ્રાણ શુકી નારી છું.
 દયાના દેવ તમે એ દેવની હું નારી છું.
કિશોર—વાહજી ગુલજાર વાહવાહ—ઠીક
કળા— ૨૨
 જીવન વિશ્રામ લ્યો, એવી રંગમાં વાત વિસારી
 કહી સુખ તો કહી દુઃખ છે, વિરંચીની કૃતિ ન્યારી
કુ૦—કળા પ્યારી પ્રિય મારી ખરે ન્યારી કળા ન્યારી
 મૃદુ મુર્ત મનોહારી મને કીધી તેં આભારી
કળા૦—ન બોલો નાથ એ વેણુ અવોભવની હું દાસી છું
 પ્રભુ પ્રિય પ્રાણ સહચરી આ પ્રભુની હું ઉપાસી છું

અંક ત્રીજો.

કનક— ૨૩
 ત્યાગી પ્રમદાને પ્રભુજી અથડાવો રે
 રાગી રાણીને નહિ સતાવો રે—ત્યાગી.
 ચંદનની ચરણે ચતુરાને પ્રભુ ચર્ચાવો રે
 સુંદરી સુભગા સાત અહા! પ્રિયપાંચેની છે અતિ પ્યારી.

આસાંભના— ૨૪

અજોક અજબ મુગટ બાંધ્યા સાલ બાન્ધ્યા આરયું ઉમેદયું
અબાહુ મંજહી આહીન... અજોક.
મીઠડા કાગળ લાખ લખીયો પિરિયડે આચણજી
કાગાળ ચવિયો.
બીર ખંડયું કર્યો વેધાં શાલવેંધ્યા આરયું ઉમેદયુ
અબાહુમંજ આહી... અજોક.
હીનત રૂકનતે રતથાયો રાજિ ધરત
દઇજે તે હરી આધોરાજિ
સુરસંધ્યો કર્યો વેધા શાલ વેધા આરયું
ઉમેદયું અલાહ મંજ આહીન.

સિંહુ-ચપલા— ૨૫

ચાહો ચાહો રસીક રમાવર પુજું પાય તમાંગ
માનસ સરનાં રાજ હંસ થઇ મુક્તા ફળને ચરશો
દેવ હૃદય વસનારા મ્હારા——ચલે૦
સીં૦-ધન્ય દીવસ છે આજ અમારો
ચ૦-પ્રેમા પતિ અબળાને તારો
સેવા સ્વીકારીને પાપ નિવારો
સીં૦-નાથ દિન ચાહુ પ્રાણ——ચાહો૦

કેસરી— ૨૬

આજ-અઇ વિપત્તિઓ વણમાઇ
કર્મ મતિ મ્હારી ન્યારી ન્યારી પ્યારી પ્યારી
છગી બળથી કીધીજ સવાઇ
ઉરના ઉમેદ પુરી કાપી કળબળમાં

કીર્તિ; લક્ષ્મી, શક્તિ, ને શ્રી મળી બધુ અમાપ
વિજયની વધાઇ——આજ૦

કુસુમ— ૨૭

દશા થઇ આ શી પ્રભુ મ્હારી
અલગ થઇ અલબેલી પ્યારી
કળા થઇ ગઇ દશાથી ન્યારી
થયો ક્રુર આમ વિધી શું કામ?
વિધાતા તુજ કૃતિ છે ન્યારી થઇ ખ્વારી...દશા૦
જગધર જગધર તું છે પાલક ટાળક સૌનો
મુજ પર કર દયા, ત્રિભુવર કરતું મયા, દીનદાસ આ
વિશ્વંભર, વિશ્વ ધાર, વિશ્વમાં વસી રહેનાર...દશા૦

સાધુ— ૨૮

ક્યાં મળે પ્રાણ જીવન પ્યારા
ધરણીએ સુત ક્યાં છે મહારા
પ્રભુ ભક્ત વત્સલ કાં બિરદ ચુકો
પદ ધર્મ ધુરંધર કાં ધર્મ ચુકો
સ્વામી સુત મેળાવો મહારા—ક્યાં૦

કનક— ૨૯

જીવન પલટાઇ જવાનું ખરે અંતે ખરી જવું.
એથી બહેતર છે આખર કે લડાઇમાં મરી જવું
કલેવર આંકથી નિરખવું ખરેખર ખાક થવાનું
વિરાગી રાગી કે ભોગી બધા જુવાને જવાનું
વૈરાગ્નિમાં પ્રજળવું એ ખરેખર હોળીમાં બળવું
ટીલી કાળી લઇ ફરવું ભલું એથી આપઘાત મરવું

૩૦

કુંતલા—છોડો છોડો પિયુજી કર છોડો
શરમાવો ના ભોળી નાર
કિ૦—"આ અનેરી રંગીલા તું છે પ્યારો"
કું૦—"છે ન્યારી નિત તમારી છોડોજી હાલ હારો
વિલાસી, ફૂલારી, લાલાજી, જાઓજી—છોડો—
કિ૦—મીઠી મૂર્તિ આ હારા હસી ગઈ દીલમાં
વસી તન મનમાં"
કું૦—"તન અતિ છલકાય મન મલકાય અંતર માંહ્ય
કંઈ કંઈ થાય, મદન વ્યાપે—છોડો૦

સીંહલ અપ્સરા અને કિશોર કુંતલા ૩૧

થઈ ગઈ સહુની શાદી થાતી મટી બરબાદી
આનો બની આઝાદી હવે પુરા થયા છે આજ
ઠીક જોડી મળી હા પ્રણય કેરી પ્યાલી
નાચો ગાવો આવો ધુમ મચાવો ને આપસમાં આજ

સર્વે— ૩૨

વિજય જય જય નિત્યે વર્તાયો
શાન્તિ કુળ માર્તંડ પ્રગટ્યો
શ્રીપતિ શ્રીકાર કરજ્યો
કિરતાર, પાલનહાર, ગુણઆગાર, સૌ સુખ સારું
તું જીવજ્યોતિ, તું વિભુતિ વિશ્વમૂર્તિ પ્રાણપ્યારા
સર્વ પ્રાણી સાથી ન્યારા—વિજય૦

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ